# COVID-19 મહામારી દરમિયાન સગર્ભાવસ્થા અને નવજાતના પરિણામો

**COVID-19 મહામારી દરમિયાન સગર્ભાવસ્થા અને નવજાત પરિણામો: સગર્ભાવસ્થામાં COVID-19 થી અસરગ્રસ્ત મહિલાઓ અને તેઓના નવજાત શિશુઓનો વૈશ્વિક નોંધણી રેકોર્ડ, સારવાર અને રોકથામનું માર્ગદર્શન આપવા કુદરતી ઇતિહાસ સમજવો**

## સહભાગી થવાનું આમંત્રણ

અમે શંકાસ્પદ COVID-19 ધરાવતી અથવા SARS-CoV-2 ચેપ (COVID-19 થવા પાછળ કારણભૂત વિષાણુ) પાક્કો લાગ્યો હોય તેવી સગર્ભા મહિલાઓને તેઓની સગર્ભાવસ્થા વિશે માહિતી એકત્રિત કરતા, આ સંશોધન અભ્યાસમાં જોડાઇ જવા આમંત્રિત કરી રહ્યાં છીએ. આ ફોર્મ અભ્યાસના હેતુઓ, ભાગ લેવાના જોખમો અને લાભો સહિત અભ્યાસ વિશે માહિતી આપે છે.

**તમારે આ સંશોધન અભ્યાસ વિશે શું જાણવું જોઇએ:**

**અભ્યાસનો હેતુ શું છે?** આ અભ્યાસ દુનિયાભરની સગર્ભા મહિલાઓ અને શિશુઓમાં COVID-19 અને SARS-CoV-2 વિશેની માહિતી એક રજીસ્ટરમાં એકઠી કરવાનો હેતુ ધરાવે છે જેનો ઉપયોગ સંશોધન ટુકડી માહિતીને દુનિયાભરના આરોગ્ય સંભાળ રાખનાર વ્યવસાયિકો સાથે વહેંચવા માટે કરશે, જેનાથી તેઓ દ્વારા અપાતી સંભાળમાં તેઓ સુધારો કરી શકે છે. અમે સગર્ભાવસ્થાના શરૂઆતના તબક્કા પર COVID-19 ની અસર, શિશુઓનો વિકાસ, વહેલી પ્રસૂતિ અને શિશુઓને સંભવિત ચેપ વિશે વધુ માહિતી મેળવવા ઇચ્છીએ છીએ.

માહિતી સુરક્ષિત ડેટાબેઝમાં રાખવામાં આવશે અને તેનો અનામી ઉપયોગ આરોગ્ય સંભાળ વ્યવસાયિકો માટે નિયમિત અદ્યતન માહિતી બનાવવા માટે કરવામાં આવશે. આ અહેવાલો અને માહિતી સાથેની વેબસાઇટ જાહેર જનતા માટે ઉપલબ્ધ છે, https://pan-covid.org/

**મારી પસંદગી કેમ કરવામાં આવી છે?** તમને ભાગ લેવાનું વિચારવા પસંદ કરવામાં આવ્યા છે કારણ કે તમારી સગર્ભાવસ્થા દરમિયાન અથવા બિલકુલ ત્યાર પછી, તમને COVID-19 થયો હોવાની શક્યતા અથવા તે પાકું થયું છે.

**શું મારે ભાગ લેવો પડશે?** ભાગ લેવો કે નહિ તે નક્કી કરવું એ તમારી પર છે. જો તમે ભાગ લેવાનું નક્કી કરો તો તમને આ માહિતી પત્ર રાખવા માટે આપવામાં આવશે. જો તમે ભાગ લેવાનું નક્કી કરો તો તમે કોઇપણ સમયે અને કોઇ કારણ આપ્યા વગર અભ્યાસ પડતો મૂકવા તો પણ મુક્ત રહો છો. કોઇપણ સમયે અભ્યાસ છોડી દેવાનો નિર્ણય, અથવા ભાગ ન લેવાનો નિર્ણય, તમને મળતી સંભાળના ધોરણ પર અસર થશે નહીં. જો તમે ભાગ લેવા રાજી હો તો, અમે તમને તમારી મૌખિક સંમતિ આપવા કહીશું, જે નોંધવામાં આવશે.

**જો હું ભાગ લઉ તો મને શું થશે?** તમારા આરોગ્ય સંભાળ વ્યવસાયિક તમારી સગર્ભાવસ્થા, પ્રસૂતિ પછીનો સમયગાળો અને તમારા નવજાતને લગતી માહિતી એક સુરક્ષિત અભ્યાસ વેબસાઇટમાં ઉમેરશે. **આમાં તમારો NHS નંબર, તમારા શિશુનો NHS નંબર, તમારી જન્મ તારીખ અને તમારા શિશુની જન્મ તારીખ, સગર્ભાવસ્થામાં મહત્વની તારીખો અને તમારા આરોગ્ય અને સગર્ભાવસ્થાના પરિણામોને લગતી માહિતીનો સમાવેશ થશે. તમારો સંપર્ક ફરીથી કરવામાં આવશે નહીં. અમે NHS નંબર્સનો ઉપયોગ સગર્ભાવસ્થા માટે અને શિશુની ઉંમર 2 વર્ષની થાય ત્યાં સુધી તમે અને તમારા શિશુની નિયમિતપણે ઉપલબ્ધ આરોગ્ય માહિતી સાથે સાંકળવા માટે કરીશું.** જો તમારા શિશુને NHS નિયોનાટાલ યુનિટમાં દાખલ કરવામાં આવે તો, UK હેલ્થ રિસર્ચ ઓથોરિટીએ મંજૂર કરેલી નેશનલ નિયોનાટાલ રિસર્ચ ડેટાબેઝમાંથી માહિતી મેળવવામાં આવશે. **અમે તમને એ પણ પૂછીશું કે શું તમે COVID-19 સંબંધિત અન્ય, નૈતિકપણે-મંજૂર થયેલા સંશોધન પ્રોજેક્ટ્સમાં સહભાગિતા વિશે તમારો સંપર્ક કરવામાં આવે તેવું ઇચ્છશો કે કેમ, આ બાબતમાં તમારા નિર્ણયથી PAN-COVID અભ્યાસમાં તમારી સહભાગિતા પર અસર થશે નહીં.**

# COVID-19 મહામારી દરમિયાન સગર્ભાવસ્થા અને નવજાતના પરિણામો

**COVID-19 મહામારી દરમિયાન સગર્ભાવસ્થા અને નવજાત પરિણામો: સગર્ભાવસ્થામાં COVID-19 થી અસરગ્રસ્ત મહિલાઓ અને તેઓના નવજાત શિશુઓનો વૈશ્વિક નોંધણી રૅકોર્ડ, સારવાર અને રોકથામનું માર્ગદર્શન આપવા કુદરતી ઇતિહાસ સમજવો**

**ભાગ લેવાના સંભવિત લાભો શું છે?** આ અભ્યાસમાં ભાગ લેવાથી તમને કોઇ સીધો લાભ થશે નહીં. અમારો હેતુ આ રજીસ્ટર માટે એકઠી કરેલી માહિતીનો ઉપયોગ સગર્ભાવસ્થામાં COVID19 ની સમજ સુધારવાનો અને રોગની સારવાર અને રોકથામમાં સુધારો કરવા આરોગ્ય સંભાળ વ્યવસાયિકોને મદદરૂપ થવાનો છે.

**ભાગ લેવાના સંભવિત જોખમો શું છે?** અમે આ અભ્યાસમાં ભાગ લેવાથી કોઇ જોખમો ઊભા થતા હોવાનું જોતા નથી કારણ કે અમે માત્ર ડેટા એકઠા કરીશું.

**સંશોધન અભ્યાસના પરિણામોનું શું થશે?** આ અભ્યાસના પરિણામો અભ્યાસ વેબસાઇટ પર, તબીબી જરનલ્સમાં પ્રકાશિત કરવામાં આવશે અને તબીબી કોન્ફરન્સીસમાં રજૂ કરવામાં આવશે. કોઇ અહેવાલ કે પ્રકાશનમાં તમારી ઓળખ જાહેર થશે નહીં.

**આ સંશોધનનું આયોજન અને તેના ભંડોળની ગોઠવણ કોણ કરી રહ્યું છે?** આ સંશોધનને UK મેડિકલ રિસર્ચ કાઉન્સિલે ભંડોળ આપ્યું છે

**અભ્યાસની સમીક્ષા કોણે કરી છે?** આ અભ્યાસને NHS માં હેડૉક રિસર્ચ એથિક્સ કમિટીએ આચરણ માટે અનુકૂળ નૈતિક મંતવ્ય આપ્યું હતું.

**જો કંઇક ખોટું થાય તો શું?** જો તમને આ સંશોધન પ્રોજેક્ટમાં ભાગ લેવાથી કોઇ નુકસાન થાય તો, કોઇ ખાસ વળતર વ્યવસ્થા નથી. જો કોઇની બેદરકારીને લીધે તમને કંઇક નુકસાન થાય તો, તો પછી તમારી પાસે કાયદેસર કાર્યવાહી કરવાનો આધાર રહે છે. આને ધ્યાનમાં ન લેતા, જો તમે ફરિયાદ કરવા ઇચ્છો, અથવા આ અભ્યાસના સમયગાળા દરમિયાન તમારી જે રીતે સારવાર કરવામાં આવે તેના કોઇ પહેલુ વિશે તમને કોઇ ચિંતાઓ હોય તો પછી તમારે સંશોધક Christoph Lees ને તાત્કાલિક જાણ કરવી જોઇએ, c.lees@imperial.ac.uk . સામાન્ય રાષ્ટ્રીય આરોગ્ય સેવા ફરિયાદોની કાર્યપદ્ધતિઓ પણ તમારી પાસે ઉપલબ્ધ રહે છે

**અમે તમારી અને તમારા શિશુને લગતી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરીશું?** Imperial College લંડન આ અભ્યાસના પ્રાયોજક છે અને તેઓ આ અભ્યાસ માટે ડેટા કંટ્રોલર તરીકે સક્રિય રહેશે. આનો અર્થ એ થાય કે અમે તમારી માહિતીની સંભાળ લેવા અને તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવા જવાબદાર બનીએ છીએ. Imperial College લંડન પ્રાથમિક સંશોધન ડેટાના સંબંધમાં આ અભ્યાસ પૂરો થયા પછી 10 વર્ષ સુધી તમારા અંગત ડેટા રાખશે. અમને આ સંશોધન પ્રોજેક્ટ માટે તમારા તબીબી રૅકોર્ડ્સમાંથી માહિતીનો ઉપયોગ કરવાની જરૂર પડશે.
આ માહિતીમાં તમારી સગર્ભાવસ્થા અને સામાન્ય આરોગ્ય વિશેની માહિતીનો સમાવેશ થશે. લોકો આ માહિતીનો ઉપયોગ સંશોધન કરવા અથવા તમારા રૅકોર્ડ્સ તપાસવા માટે કરશે જેથી ખાતરી કરી શકાય કે સંશોધન યોગ્ય રીતે કરવામાં આવી રહ્યું છે. અમે તમારા વિશેની માહિતી સુરક્ષિત અને સલામત રાખીશું.
**કાયદેસર આધાર** એક યુનિવર્સિટી તરીકે અમે આરોગ્ય, સંભાળ અને સેવાઓ સુધારવા સંશોધન કરવા અંગત રીતે ઓળખી શકાતી માહિતીનો ઉપયોગ કરીએ છીએ. જાહેર ભંડોળ મેળવતી સંસ્થા તરીકે, અમારે ખાતરી કરાવવી પડે તેવું બની શકે કે અમે સંશોધનમાં ભાગ લેવા સંમત થયેલા લોકોની અંગત રીતે ઓળખી શકાતી માહિતીનો ઉપયોગ કરીએ ત્યારે તે જાહેર હિતમાં હોય છે. આનો અર્થ એ થાય કે તમે સંશોધન અભ્યાસમાં ભાગ લેવા સંમત થાવ ત્યારે, અમે સંશોધન અભ્યાસ યોજવાની અને પૃથક્કરણ કરવાની રીતો પ્રમાણે તમારા ડેટાનો ઉપયોગ કરીશું. આરોગ્ય અને સંભાળ સંશોધનથી જાહેર હિત જળવાવું જોઇએ, જેનો અર્થ એ થાય કે અમારે એ દર્શાવવું પડે કે અમારું સંશોધન

# COVID-19 મહામારી દરમિયાન સગર્ભાવસ્થા અને નવજાતના પરિણામો

**COVID-19 મહામારી દરમિયાન સગર્ભાવસ્થા અને નવજાત પરિણામો: સગર્ભાવસ્થામાં COVID-19 થી અસરગ્રસ્ત મહિલાઓ અને તેઓના નવજાત શિશુઓનો વૈશ્વિક નોંધણી રેકોર્ડ, સારવાર અને રોકથામનું માર્ગદર્શન આપવા કુદરતી ઇતિહાસ સમજવો**

સમગ્ર સમાજના હિતોને સાચવે છે. અમે આ કરવા આરોગ્ય અને સામાજિક સંભાળ સંશોધન માટે UK પોલિસી ફ્રેમવર્કને અનુસરીએ છીએ.

**આંતરરાષ્ટ્રીય તબદીલીઓ** માહિતીને યુરોપીયન ઇકોનોમિક એરિયા બહારના દેશોમાં તબદીલ કરવાની જરૂરિયાત ઊભી થઇ શકે (દાખલા તરીકે, કોઇ સંશોધન ભાગીદારને). તમારો અંગત ડેટા સામેલ હોય તેવી માહિતીના કિસ્સામાં, Imperial College લંડન ખાતરી કરશે કે માહિતી ડેટા સંરક્ષણ ધારા અનુસાર તબદીલ કરવામાં આવે છે. જો ડેટા એવા કોઇ દેશમાં તબદીલ કરવામાં આવે જે તેના ડેટા સંરક્ષણ ધોરણોના સંદર્ભમાં
યુરોપીયન કમિશન (EC) નાં પૂરતા નિર્ણયને અધીન ના હોય તો, Imperial College લંડન તમારા અંગત ડેટાની પ્રક્રિયા કરતી રીતભાતોને સંરક્ષણ આપતા EC દ્વારા મંજૂર થયેલા પ્રમાણભૂત કરારને લગતી કલમો સમાવતી માહિતી મેળવનાર સંસ્થા સાથે ડેટા વહેંચણી કરારમાં પ્રવેશશે.

**અન્ય લોકો સાથે તમારી માહિતી વહેંચવી** આ ગુપ્તતા નોટિસમાં ઉલ્લેખિત હેતુસર અને ઉપર નિર્ધારિત પ્રક્રિયાકરણ માટેના આધારો પર અવલંબિત થઇને, અમે તમારો અંગત ડેટા ચોક્કસ ત્રાહિત પક્ષો સાથે વહેંચીશું.

- Imperial College નાં અન્ય કર્મચારીઓ, એજન્ટો, ઇજારદારો અને સેવા પૂરી પાડનારાઓ (ઉદાહરણ તરીકે, પ્રિન્ટીંગ અને મેઇલીંગ સેવાઓ, ઇમેઇલ કોમ્યુનિકેશન સેવાઓ કે વેબ સર્વિસીસ પૂરી પાડનાર સપ્લાયરો, અથવા એ સપ્લાયરો જેઓ અમને ઉપર વર્ણવેલી કોઇપણ પ્રવૃત્તિઓ કરવામાં મદદરૂપ થતા હોય). અમારા ત્રાહિત પક્ષ સેવા પૂરી પાડનારાઓએ અમારી સાથે ડેટા પ્રોસેસિંગ કરારોમાં પ્રવેશવાની જરૂર પડે છે. અમે તેઓને માત્ર ચોક્કસ હેતુસર અને અમારી કાર્યનીતિઓ અનુસાર તમારા અંગત ડેટાની પ્રક્રિયા કરવાની પરવાનગી આપીએ છીએ.
- Cardiff University, જેઓ અભ્યાસ માટે ડેટાબેઝ ચલાવે છે.

**જાહેર ભંડોળથી કરવામાં આવતા સંશોધન તરીકે, અમે આ અભ્યાસમાંથી ઉપલબ્ધ થતા અનામી ડેટા COVID-19 ને સંબંધિત અન્ય, નૈતિકપણે-મંજૂર થયેલા સંશોધન અભ્યાસોને પૂરા પાડીશું. તમારી ઓળખ જાહેર કરતા ડેટા વહેંચવામાં આવશે નહીં.**

**તમારી માહિતીનો ઉપયોગ કરવાની રીત વિશે તમારી પસંદગીઓ શું છે?** તમે કોઇપણ સમયે, કોઇ કારણ આપ્યા વગર c.lees @imperial.ac.uk ને ઇમેઇલ મોકલીને અભ્યાસનો ભાગ બનવાનું બંધ કરી શકો છો પરંતુ પહેલેથી અમારી પાસે રહેલી તમારી માહિતીને અમે અમારી પાસે રાખીશું.

- જો તમે અભ્યાસમાં ભાગ લેવાનું બંધ કરવાનું પસંદ કરો તો, અમે તમારી હોસ્પિટલમાંતી તમારા આરોગ્યને લગતી માહિતી એકઠી કરવાનું ચાલુ રાખવા ઇચ્છીશું. જો તમે ઇચ્છો કે આ ના થાય તો, અમને કહેશો અને અમે બંધ કરીશું.
- અમારે સંશોધન વિશ્વાસપાત્ર રાખવા માટે તમારા રૅકોર્ડ્સનું ખાસ રીતે સંચાલન કરવાની જરૂર પડે છે. આનો અર્થ એ થાય કે અમે અમારી પાસે રહેલા તમારા ડેટા તમને જોવા દઇશું નહિ કે તેને બદલવા દઇશું નહીં.

**તમારી માહિતીનો ઉપયોગ કરવાની રીત વિશે તમે વધુ ક્યાંથી જાણી શકો છો** અમે તમારી માહિતીનો જે રીતે ઉપયોગ કરીએ છીએ તે વિશે તમે વધુ અહીં જોઇ શકો છો

- www.hra.nhs.uk/information-about-patients/
- સંશોધન ટુકડીમાંથી એક વ્યક્તિને પૂછીને
- pan-covid@cardiff.ac.uk ને ઇમેઇલ મોકલીને

**ફરિયાદ** જો તમારા અંગત ડેટાનો અમે જે રીતે કારભાર કર્યો હોય તેને લગતી ફરિયાદ કરવા તમે ઇચ્છો તો, કૃપા કરી સંપર્ક કરો

# COVID-19 મહામારી દરમિયાન સગર્ભાવસ્થા અને નવજાતના પરિણામો

**COVID-19 મહામારી દરમિયાન સગર્ભાવસ્થા અને નવજાત પરિણામો: સગર્ભાવસ્થામાં COVID-19 થી અસરગ્રસ્ત મહિલાઓ અને તેઓના નવજાત શિશુઓનો વૈશ્વિક નોંધણી રેકોર્ડ, સારવાર અને રોકથામનું માર્ગદર્શન આપવા કુદરતી ઇતિહાસ સમજવો**

Imperial College લંડનના પ્રોટેક્શન ઓફિસરનો ઇમેઇલથી dpo@imperial.ac.uk, અથવા ટેલિફોનથી 020 7594 3502 નંબર પર અને/અથવા ટપાલ મારફતે આ સરનામેઃ Imperial College London, Data Protection Officer, Faculty Building Level 4, London SW7 2AZ. જો અમારા જવાબથી તમને સંતોષ ના થાય અથવા તમે માનતા હો કે અમે જે રીતે તમારા અંગત ડેટાની પ્રક્રિયા કરી છે તે કાયદેસર નથી તો તમે ઇન્ફર્મેશન કમિશ્નરની ઓફિસ (ICO) ને ફરિયાદ કરી શકો છો. ICO ચોક્કસ ભલામણ કરે છે કે તમારે રેગ્યુલેટરને સામેલ કરતા પહેલાં ડેટા કંટ્રોલર સાથે મુદ્દાઓ ઉકેલવાનો પ્રયત્ન કરવો જોઇએ. અમે એક વખત અભ્યાસ પૂરો કરીએ એટલે, અમે પરિણામો તપાસી શકીએ તે હેતુસર અમુક ડેટા રાખીશું.

અમે અમારા અહેવાલો એવી રીતે લખીશું કે કોઇને પણ ખબર ના પડી શકે કે તમે અભ્યાસમાં ભાગ લીધો હતો.